# ગૌવંશ આધારીત ખેતી

**જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી,જૂનાગઢ**

ગાય અને તેના વંશના મહિમા વિષે વેદ, ઉપનીષદ, રામાયણ, મહાભારત, શ્રીમદભાગવત, વેદો, પુરાણોતથાચરકસંહિતા, સુશ્રુતસંહિતા, વાગ્ભટ્ટસંહિતા, શારંગસંહિતા, આર્યાભિષેક, ભાવપ્રકાશ અને માધવપ્રકાશ જેવા મહાનગ્રંથોમાં ઘણું બધું જોવા મળે છે. આ ગ્રંથો વાંચીએ તો ખ્યાલઆવે કે ,ઋષીમુનીઓએ અને ભગવાનના મહાનભક્તોએ વર્ષો સુધી સંશોધનકરી ને સાબિત કરી નેજણાવ્યુ છે કે, ગાય અને તેનો વંશમાનવજાવત માટે અમૂલ્ય, પવિત્ર અને સર્વપ્રકારે કલ્યાણપ્રદ છે.

શુક્લયજુર્વેદમાં તો જે  મહત્વપૂર્ણ પ્રશ્નોતરી આપી છે તેમાંનો એક પ્રશ્ન છે કે  "કસ્યમાત્રનવવદ્યતે" (યજુવેદ૨૩-૪૭)  અર્થાત સંસારમાં એ વોક્યો પદાર્થ કે વસ્તુ છે કે જેની તુલના થઇ શકતી નથી/ઉપમા નથી? તેના જવાબમાં લખુ છે કે "ગોસ્તુમાત્રાનવિદ્યતે"(યજુવેદ૨૩-૪૮) અર્થાત સંસારમાં ગાયની કોઇ ઉપમા નથી.

ભગવાન સૂર્યનારાયણના એક પ્રધાનકિરણનું નામ "ગો" છે. આ કિરણ કેવળ ગાય માં જ અધિક માત્રા માં પ્રવિષ્ઠ થાય છે, જે ગાય માં રહેલી સૂર્યકેતૂનાડી (ખૂંધ) દ્રારા શોષાય છે. આ કિરણોસ્વર્ણ ક્ષાર બનાવે છે જે ગોરસ માં રહેલો હોય છે. ગોરસ એટલે ગાયનુ દૂધ, દહીં,ઘી, ગોબર અને ગૌમૂત્ર. સ્વર્ણક્ષાર ને લીધે ગોરસ સ્વર્ણય આ ભાવાળું અને ઘણાં બધા આયુર્વેદિક ગુણધર્મો ધરાવે છે.

ગૌવંશ આધારીત ખેતી એટલે ગાય અને તેના વંશ થકી ખેતી કરવી, તેનો મહત્તમ ઉપયોગકરી ને ખેતી કરવી. બળદોનો ઉપયોગ તથા ગોબર અને ગૌમૂત્રનો ભરપૂર ઉપયોગ કરીને ખેતી કરવાથી અમાપ ફાયદા છે.

ગૌ વંશ આધારીત સજીવ ખેતી કરવાથી આત્માનીર્ભયતા થાય, ભૂવમ, વાયુ અને જળનું પ્રદૂષણ અટકે, ભૂમિ થી માંડીને પશુ-પક્ષી વનસ્પતિ અને મનુષ્યનું સ્વાસ્થય સુધરે, ખેતીમાં પાણીની જરૂરિયાત ઓછી થાય, માટીમાં જળ અવશોષણ વધે, પાકની ગુણવત્તા વધે એટલે પાકમાં અત્યંત ઉત્તમપૌષ્ટિકતા જળવાય, જમીનમાં જરૂરી સૂક્ષ્મ જીવાણું અને પોષક તત્વોમાં વૃદ્ધિ થાય, આયુર્વેદિક જડીબુટ્ટીઓમાં ગુણવત્તા જળવાઇ રહે, સઘળા પાક માં ઉત્પાદનની વૃદ્ધિ થાય, ભૂમંડળની ગરમી વધે નહિ અને ઓઝોનનું પડ સુરભક્ષત રહે, જીવહત્યા અટકે, પશુઓ માટે પૂરતો ચારો મળી રહે, જૈવિક ખેતીમાં ગોબરગેસનાં ઉપયોગથી ઈંધણમાટે લાકડાની બચત થાય, ગલોની સુરક્ષા થાય અને ગોબરમાંથી બનાવેલ ખાતર દિવ્ય છે જેનો ખેતી માં ઉપયોગ કરવાથી ઉત્પન્ન થતા ધન-ધાન્ય, ફળ-ફળાદી પાકે ત્યારે તે ખૂબ જસાત્વિક હોય છે અને તેથી પોષણની સાથે સાથે સ્નેહ પ્રેમ, કર્તવ્ય ભાવના, માનવીયતાના સદગુણ અને સંયમસંપૂર્ણ માનવ વિકાસમાં પૂરેપુરું યોગદાન આપે છે, કેમકે અન્ન તેવું મન.

માનવ જીવનનાં ચાર પુરૂષાર્થ છે- ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. સાચા અર્થમાં ગાય દ્રારા ચારેય પુરૂષાર્થ સિધ્ધ થાય છે. આ વાત જો આપણી સમજમાં આવી જાય અને જો આપણે ગૌવંશ આધારીત ખેતી કરીશું તોએ દિવસ દૂર નથી જ્યારે ભારત વર્ષ **"પુનઃસોનેકીચીડીયા"** કહેવાશે.

## ગાયઆધરીતજુદાજુદાવર્ધકોબનાવવાનીરીતઅનેતેનોઉપયોગ

**પંચગવ્ય:**

૧. ગાયના તાજાં પકિ.ગ્રા. છાણને ૧લી. ઘી સાથે પ્લાસ્ટીક ના બેરલમાં મિશ્ર કરો અને ત્રણ દિવસ રાખી મુકો.
૨. તેજ દિવસે બીજા અલગ પ્લાસ્ટીકના બેરલમાં ગૌમુત્ર 3 લી., ગાય નું દૂધ ૨લી., દહી ૨લી., છાલ વગરના પીળા કેળા૪00 ગ્રામ, લીલાનાળીયેર નું પાણી 3 લી. અને ગોળ ૧કિ.ગ્રા.ને 3 લી. પાણી માં ઓગાળો.
3. બેરલ ના મિશ્રણને બરાબર હલાવીને ત્રીજા દિવસે બંને બેરલના દ્રાવણને મિશ્ર કરો અને ૭ દિવસ સુધી મુકી રાખો.
૪. આ મિશ્રણ વાંસની લાકડી વડે દિવસમાં બેવખત હલાવતા રહો.
૫. આ મિશ્રણને ખાદી કેટેરીકોટ કપડાથી ગાળીલો અને નાનાઢાંકણવાળી બોટલોમાં ભરી દો.

**ઉપયોગ:**3 ટકાનું દ્રાવણ બનાવી વાવેતર બાદ 30,૪૫ અને ૬0 દિવસે છોડ ઉપર છંટકાવ કરવો.

(**પ્રમાણ:** ૧0 લી. પાણીમાં 300 મીલી.)

**સંજીવક:**

૧. ૫00 લી. કેપેસીટીવાળા બંધ ડ્રમમાં ગાયનું તાજુ છાણ૧00 કિ.ગ્રા. + ગૌમુત્ર૧00 લી. + ગોળ૫00 ગ્રામ + પાણી 300 લી. લઈ આથો આવે તેમાટે ૧0 દિવસ સુધી આ મિશ્રણ ને રાખી મુકો.

**ઉપયોગ:**આ દ્રાવણનો ૧હેક્ટર વિસ્તારમાં જમીન ઉપર છંટકાવ કરવો. અથવા ૫00 લી. દ્રાવણ/હે.નું પ્રમાણ રાખી વાવેતર સમયે, વાવેત રબાદ 30 અનેજ૪૫દિવસે પિયતનાપાણી સાથે પાક ને આપવું.

**અમૃતપાની:**

૧. ગાયનું તાજું છાણ૧0 કિ.ગ્રા.+ મધ૫00 ગ્રામને બરાબર મિશ્રણ કરી પેસ્ટ બને ત્યાંસુધી હલાવતા રહો.

૨. આ પેસ્ટમાં૨૫0 ગ્રામ ઘી ઉમેરી ઝડપથી હલાવો.

3. આ મિશ્રણને૨00 લી. પાણીમાં ઉમેરો એટલેકે ઓગાળો અને મંદ દ્રાવણ બનાવો.

**ઉપયોગ:**૫00 લી./હે.પ્રમાણ રાખી વાવેતર સમયે તથા વાવેતર બાદ 30 અને ૪૫ દિવસે પિયત ના પાણી સાથે પાક ને આપવું.

**બીજામૃત:**

૧. ગાયનું તાજું છાણ ૫હક.ગ્રા. + ગૌમુત્ર ૫લી. + ગાયનું દૂધ ૧લી. + ચુનો ૫0 ગ્રામ + પાણી ૫0 લી. અનેવ ડલા ના ઝાડ નીચે ની મુઠી ભર માટી લો.

૨. આ મિશ્રણને આખી રાત રહેવા દો. બિયારણ ઉપર આ મિશ્રણનો છંટકાવ કરો અને આ છંટકાવ કરેલ બિયારણને છાંયળામાં સુકવ્યા બાદ જ વાવેતરના ઉપયોગ માં લેવું.

**ઉપયોગ:**300 મીલી./કિ.ગ્રા. બીજ પ્રમાણે માવજત આપવી.

**જીવામૃત:**

૧. પાણી૧00 લી. + છાણ૧0 કિ.ગ્રા. + ગૌમુત્ર૧0 લી. બેરલ માં ભેળવી વાંસની લાકડી વડે હલાવી મિશ્રણ તૈયાર કરો.

૨. આ મિશ્રણમાં જુનો ગોળ ૨કિ.ગ્રા. + કઠોળ નો લોટ૨ કિ.ગ્રા.(ચણા, તુવેર, મગ, અળદ,ચોળા વગેરે) અને વડલાના ઝાડ નીચે ની મુઠી ભર માટીલો અને વાંસની લાકડી વડે બરાબર હલાવી મિશ્રણ કરો.

3. આ મિશ્રણમાં આથો લાવવામાટે ૨ થી ૭ દિવસ સુધી રહેવા દો અને દિવસમાં 3 વખતહલાવતા રહો.

**ઉપયોગ:**૫00 લી./હે.નુંપ્રમાણ રાખી વાવેતર સમયે તથા વાવેતર બાદ 30 અને ૪૫ દિવસે પિયત ના પાણી સાથે પાકને આપવું.

**વર્મીવોશ:**

અળશિયા સતત કાર્યશીલ રહે છે, તે તેની ગતિ દરમ્યાન સ્ત્રાવ (ચીકણોપદાર્થ) છોડતુ રહે છે. આ સ્ત્રાવ ખુબ જ કિંમતી હોય છે. તેની અંદર હોર્મોન્સ અને એન્ઝાઈમ્સ સારા પ્રમાણમાં હોય છે.

આ ઉપરાંત તેમાં મુખ્ય પોષક તત્વો સાથે સુક્ષ્મ પોષક તત્વો પણ સારી માત્રમાં રહેલા હોય છે. આ સ્ત્રાવને જો એક ઠોકરી વનસ્પતિ ૫ ૨છાંટવામાં આવે તો છોડની વૃધિ અને વિકાસ સારો થાય છે. પરિણામે પાક ઉત્પાદનમાં પણ ફાયદો જોવા મળે છે.

વર્મીવોશને એકઠું કરવા માટે એક બાજુ ખુલ્લુડ્રમ (પીપ) લેવામાં આવે છે, જેમાં નીચેના ભાગમાં એક નાનો નળ રાખવામાં આવે છે. ડ્રમનો ખુલ્લો ભાગ ઉપર રહે તેરીતે ઈંટોના બનાવેલ પ્લેટફોર્મ ઉપર ગોઠવવામાં આવે છે. ડ્રમ ની અંદર નીચેના ભાગમાં ભાંગેલી ઈંટોના રોડા અથવા પથ્થરનો આશરે ૨૫ થી ૩૦સે.મી. નોથર બનાવવો, ત્યારબાદ તે રોડાં નાથ ૨ ઉપર ૨૦ થી ૨૫સે.મી. નો જાડીરેતીનો થર કરવામાં આવે છે, આ જાડી રેતીના થર ઉપર ૩૦-૪૫ સે.મી. નો ગોરાડુ જમીન-માટીનો થર બનાવો, જેની ઉપર એપીજીસ અને એની સીકીસ પ્રકારના ૫૦ જેટલા અળશિયા છોડો. આ ગોરાડું જમીન ઉપર પશુંઓનું થોડુ છાણ નાખી તેના પર પાણીનો છંટકાવકરો. સૌથી ઉપરના ભાગે ભીના શણ ના કોથળા ઢાંકી દો. આ ડ્રમ ની અંદર સતત પાણી ટપકતુ રહે તે માટે ઉપરના ભાગમાં કાણાંવાળી બાલ્દી લટકાવો, ૨૦ થી ૨૫ દિવસ સુધી દરરોજ પાણી ટપકતું રાખો. ૧૦ થી ૧૫દિવસપછી અળશિયાની સંખ્યા વધશે. એપીજીસ પ્રકારના અળશિયા છાણ ખાઈને કમ્પોસ્ટ બનાવશે, જયારે એની સીકીસ પ્રકારના અળશિયા જમીનમાં કાણા પાડશે. ૧૫ દિવસ પછી ડ્રમના નીચે ના ભાગે મુકેલ ડોલમાં વર્મીવોશ એકઠુ કરો. ડ્રમના ઉપરના ભાગમાંથી જે પાણી ટપકે છે તે પાણી ડ્રમમાં વચ્ચે બનેલ કમ્પોસ્ટ માંથી પસાર થાય છે આ ઉપરાંત એનીસીકીસ નામના અળશિયાઓ કે જેમણે જમીનમાં કાણાં પાડેલ છે તે માંથી પસાર થાય છે. આ વર્મી વોશની અંદરપોષક તત્વો ઉપરાંત એન્ઝાઈમ્સ અને હોર્મોન્સ પણ રહેલા હોય છે. ઉપરની પ્રક્રિયા પુરી થયા પછી નવેસર થી છાણ નાખી ફરી થી ૧૫દિવસ આખી પ્રક્રિયા થવા દઈ બીજુ વર્મી વોશ તૈયાર કરી શકાય છે. ડ્રમની અંદર જે જમીન ભરવામાં આવેલી હોય છે તેને પણ ૬ (છ) માસ પછી બદલીને નવી ભરવી જોઈએ. આ તૈયાર થયેલ વર્મીવોશને ભલામણ મુજબ છોડ પર છાંટવાથી શાકભાજીના પાક જેવાકે ભીંડા, ટમેટા, પાપડી, રીંગણ વગેરે ઉપર

ખૂબ જ અસરકારક પુરવાર થયું છે. જરૂર પડયે ચોખ્ખા પાણી સાથે ભેળવીને પણ પાક ઉપર છાંટી શકાય છે. કેટલીક વખતે ૧૦ ટકા ગાયના મૂત્ર સાથે મેળવીને છોડ પર છંટકાવ કરવામાં આવે તો કીટનાશક તરીકે પણ કાયદો કરે છે.

## ➢ ગાયઆધરીતવર્ધકોનાંફાયદા:

- ➢ જમીનમાં રહેલ સુક્ષ્મ જીવાણુઓની ક્રિયાશક્તિ અને સંખ્યા વધારે છે.
- ➢ જમીનમાં રહેલ જીવાણુઓ ને ખોરાક પુરો પાડે છે.
- ➢ જમીનમાં રહેલ પોષક તત્વોવોની લભ્યતામાં વધારો કરે છે.
- ➢ જમીનની ભૌતિક સ્થિતી સુધારે છે.
- ➢ પાકને અનૂકૂળ વાતાવરણ પુરુ પાડે છે.
- ➢ જમીનની ભેજ સંગ્રહ શકિત અને હવાની અવર-જવર શકિતવધારે છે.
- ➢ જમીનને ભર-ભરી અને પોચી બનાવે છે.
- ➢ પાકની ગુણવત્તા અને ઉત્પાદકતા વધારે છે.
- ➢ પાકમાં રોગ અને જીવાતની સામે પ્રતિકારકતામાં વધારો કરે છે.